# ધનસુરા મામલતદાર કચેરી રોડ પર વીજતાર જોખમી હાલતમાં

## ભયજનક રીતે લટકતા વાયરો ભેગા થઈ જાય તો અકસ્માતનો ભય : ઘણા ઠેકાણે વીજડીપી ખુલ્લી અને સુરક્ષા જાળી વગરની પડી છે

ધનસુરા, તા. ૧૮

ધનસુરામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીની બેદરકારીના કારણે ઘણે ઠેકાણે ઈલેક્ટ્રીકના વાયરો અવ્યવસ્થિત હાલતમાં છે. તેમજ વીજડીપી ખુલ્લી પડી છે. વીજ ડીપીના બોક્સ પણ નથી કે તેની આસપાસ સલામતી માટેની કોઈ જાળી કે વાડ પણ નથી જેથી અકસ્માતનો ભય સેવાઈ રહ્યો છે. ઘણા સમયથી આ બધાનું રીપેરીંગ પણ કરાયું નથી.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

એક તરફ પંથકમાં વરસાદી માહોલ જામતો જાય છે ત્યારે ધનસુરા ગામથી દોલપુર રોડ પર મામલતદાર કચેરી જવાના માર્ગે વીજ થાંભલા પરના ચાર વાયરો ભેગા થઈ જાય તેવી પરિસ્થિતિ હોઈ ક્યારેક ગંભીર અકસ્માત સર્જાય તેવી ભીતિ સેવાઈ રહી છે. તાજેતરમાં આ માર્ગ પરથી એક જેસીબી મશીન પસાર થતા ડ્રાઈવરની સમયસૂચકતાને કારણે અકસ્માત સર્જાતો સ્હેજમાં રહી જવા પામ્યો હતો. વીજ કંપનીના સત્તાવાળાઓ દ્વારા સત્વરે ગંભીરતા સમજી આ લાઈન પરના તાર વ્યવસ્થિત કરાવે અને ખુલ્લી ડીપીને બંધ કરી તાત્કાલિક સુરક્ષા જાળી લગાવાય તેવી નાગરિકોમાં માંગ ઉઠવા પામી છે.

# મોડાસામાં છેલ્લા બે દિવસથી સારો વરસાદ થતાં ઠેર ઠેર પાણી ભરાયા

## કલેકટર કચેરી જવાના માર્ગ પર દુકાનોમાં પાણી ઘૂસ્યા



(તસવીર : અહેમલ ઉલ્લા, મોડાસા)

મોડાસા, તા.૧૮

મોડાસા શહેરમાં છેલ્લા બે દિવસથી સારો વરસાદ પડતાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા છે. સદાય પ્રસાદ લેવામાં માહેર મોડાસા નરપાલિકાના સત્તાધીશોનો પ્રિ મોન્સુન પ્લાન પાણીમાં વહી ગયો છે. કલેકટર કચેરી જવાના માર્ગ પર જળબંબાકારની સ્થિતિ સર્જાતા નગરપાલિકા સામે રોષ ફાટી નિકળ્યો છે.

મોડાસા તાલુકા સહિત શહેરમાં છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ ચાલુ રહેતાં મોડાસા નગરપાલિકાના સત્તાધીશોનું ભોપાળું બહાર આવ્યું છે. કયાંય પણ પાણીના નિકાલની વ્યવસ્થા આયોજન મુજબ કરવામાં આવી નથી. અરવલ્લી કલેકટર કચેરી જવાના માર્ગ પર દર વર્ષે જળબંબાકાર સ્થિતિ સર્જાય છે. માંડ ૧૨ ઈંચ વરસાદ પડે તો ય ગટરો પાણી કાઢી શકતી નથી. જૂની ગટરના બદલે ૧૦ લાખના ખર્ચે નવી ગટર બનાવવાનું કાર્ય ચાલે છે તેમાં પણ નકરી વેઠ છે. જૂની ગટર જેટલી જ નવી ગટર બનતી હોય તેવું લાગે છે તો ખોટો કર્ચો કેમ કરવામાં આવે છે? મોડાસા નગરપાલિકાના કાઉન્સીલર નિતીન પંડયાએ નવી ગટરનો નકશો, પ્લાન મેળવી ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાના ચક્રો ગતિમાન કર્યા છે. પ્રથમ વરસાદે જ મોડાસાની ન્યુ લક્ષ્મીનગર, સોસાયટીમાં પણ ઠેર ઠેર પાણી ભરાયા છે જેના નિકાલની વ્યવસ્થા નથી આમ પ્રથમ વસાદે જ મોડાસા નગરપાલિકાના પ્રમુખનું પાણી મપાઈ ગયું છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં મેઘ-મહેર થતા ઠેર-ઠેર પાણી ભરાયા

પ્રાંતિજમાં મેઘરાજાની પધરામણી થઈ ચુકી છે. બે દિવસથી વરસાદ પડતા લોકોમાં હર્ષની લાગણી વ્યાપી જવા પામી છે. પ્રાંતિજ સહિત સાબરકાંઠા જિલ્લામાં મેઘરાજાની મેઘ મહેર થઈ રહી છે. સતત બે દિવસથી એકધારા હળવા ઝાપટા સાથે વરસાદ વરસતા પંથકમાં ઠેર ઠેર પાણી ફરી વળ્યા છે. અનેક રહેણાંક વિસ્તાર સોસાયટીઓમાં પણ ભારે પાણી ભરાઈ ગયા છે. જેને લઈ રાહદારીઓ અને રહીશો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

# સલાલ ગામે આકાશમાંથી જીવતા શંખ પડતા લોકોમાં કુતુહૂલતા સર્જાઈ

પ્રાંતિજ, તા. ૧૮

પ્રાંતિજ તાલુકાના સલાલ ગામે વહેલી સવારે ગાજવીજ સાથે વરસાદ પડતા વરસાદની સાથે આકાશમાંથી અસંખ્ય જીવતા સંખ પડ્યા હતા. પર આકાશમાં અસંખ્ય શંખ પડ્યા હતા. જીવતા શંખો પડવાની ઘટનાથી ગ્રામજનો આશ્ચર્યચકિત થઈ ઉઠ્યા હતા.

સલાલ ગામના ડેરી મહોલ્લા



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

જેને લઈ ગ્રામજનોમાં ભારે કુતુહૂલતા સર્જાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં સલાલ ગામ આવેલુ છે. જ્યાં ગુરૂવારની વહેલી સવારે અચાનક જ વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાની એન્ટ્રી થવા પામી હતી. મેઘરાજાના આગમન સાથે વહેલી સવારે વરસાદની સાથે જમીન વિસ્તારના કેટલા રહેણાંક મકાનની આગળ જીવતા શંખ પડ્યાના સમાચાર વાયુવેગે ફેલાતા લોકોના ટોળા બનાવ સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે જાતે જીવતા શંખો જોઈ સંતોષ માની લોકો ઈશ્વરની કળા કે લીલા માની રહ્યા હતા. કુદરતની આ અનોખી લીલાથી પંથકના લોકોમાં ભારે કુતુહૂલતા સર્જાઈ છે.

# તલોદમાં વરસાદી માહોલથી ઠેર-ઠેર ભુવા મુસાફરી મુશ્કેલીમાં મુકાઈ તંત્ર ચિર નિંદ્રામાં

તલોદ, તા. ૧૮

તલોદ પાલિકામાં કુલ ૭ જેટલા વોર્ડ આવેલા છે. જેમાં ગટર યોજના આડેધડ કામ પૂર્ણ કરી દેતા તમામ વોર્ડામાં પાઈપલાઈનો ઊંડાણપૂર્વક ખોદકામ કરી ઠોકી બેસાડી છે. પરંતુ ચોમાસાના માહોલમાં સ્થાનિક રહિશો તેમજ મુસાફરી માટે કોઈજ યોજના કટીબદ્ધ નથી. ગુરૂવારે અઢી ઈંચ જેટલો વરસાદ ખાબકતા ઠેર-ઠેર મસ મોટા ભુવા પડી જવાથી લોકો મુશ્કેલીમાં મુકાયા છે. નાના-મોટા વ્હિકલો માર્ગો પર ફસાઈ જતા કલાકો સુધી આવન-જાવન ચક્કાજામ બન્યો છે. કેટલીક ગટર પાઈપો પણ તુટી જવા પામી છે. જ્યારે પ્રાઈવેટ નિકો પણ ગટર પાણી અને ચોમાસુ પાણી સાથે ભળી જતા, માર્ગો પર ગંદકીયુક્ત વાતાવરણ ફેલાયું છે.

તલોદ પાલિકાના સત્તાધીશો પાસે લોકોએ સત્વરે ભુવા મોત સમાન પુરવા ઉગ્ર માંગ કરી છે. જો ચોમાસાના પ્રારંભથી જ લોકો ગટરકામના ઊંડા ભુવાથી ગલીઓ, મહોલ્લાઓ અને વિસ્તારોમાં રહિશોનું બહાર નિકળવું પણ મુશ્કેલ બન્યું છે. કેટલાંક લોકો ગટર કામના કોન્ટ્રાક્ટરને મળવા જતા સબસલામતની ભાવના પ્રગટ કરાઈ હતી. માણસ દટાઈ જાય તેવા ખાડાઓ મોતની ચાડી ખાઈ રહ્યા છે. કેટલીક જગ્યાએ ઈલેક્ટ્રીક થાંભલા પણ નમી પડતા શોર્ટ શર્કિટ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. જાહેર માર્ગો અને ગિચ વિસ્તારોમાં નાના-મોટા સાધનો જમીનમાં ઉતરી પડતા જે.સી.બી. અને ટ્રેક્ટરો જેવા સાધનોથી બહાર કાઠવાની મથામણથી માર્ગો ચક્કાઝામ બન્યા છે.

તલોદમાં ચાલતા ગટર યોજના કોઈપણ સંજોગોમાં પૂર્ણ કરવાના આશય પાછળ કોન્ટ્રાક્ટ દ્વારા પ્રજાજનોની મુશ્કેલીઓ અંગે સરકારી પરીપત્રનો સરેઆમ ઉલ્લઘન કર્યો છે. પાલિકાના નેતૃત્વમાં ચાલતી કામગીરી લોકોના જીવ તાળવે ચોટી ગયા છે. પરંતુ મસમોટા ભુવા પુરવા કે રોગચાળા જેવી ભિતિ ટાળવા અંગે તલોદની જનતા જનાર્દન ઉચ્ચકક્ષાએ બાયો ચઢાવવા જણાવ્યુંછે.

## રાજ્યભરમાં વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ન હતો. જો કે, ગઈકાલે રાત્રે દ્વારકા અને અન્ય વિસ્તારોમાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ પડ્યો હતો. ગુજરાતમાં આજે સવારથી જ મેઘરાજા મહેરબાન થયા છે. ઉત્તર ગુજરાતના બાદ કરતા સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાત સહિત સાર્વત્રિક વરસાદ થયો હતો. અમરેલીના બાબરામાં બે કલાકમાં અનરાધાર સાડા ત્રણ ઈંચ વરસાદ પડતા બાબરા વચ્ચેથી પસાર થતી કાળુભાર નદી ગાંડીતૂર બની હતી તો તાલુકાભરની નદીઓમાં ઘોડાપુર આવ્યા હતા. જ્યારે આણંદમાં વરસાદને કારણે ઝાડ પડતાં એક મહિલાનું મોત નિપજ્યું હતું. રાજકોટમાં સવારથી જ ધીમે ધીમે અને ત્યારબાદ ધોંધમાર બે ઈંચ વરસાદ પડ્યો હતો જ્યારે વડોદરામાં ત્રણ કલાકમાં અઢી ઈંચ જેટલું પાણી વરસ્યું છે. હવામાન વિભાગે ચેતવણી આપતા કહ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે જેથી તંત્ર દ્વારા તમામ સાવચેતી રાખવામાં આવી રહી છે.

## લાયસન્સ વગર ધમધમતી હોટલ પર એસ.ઓ.જી.નો દરોડો

ગિયોડ પાસે અંબાજીના મંદિર સામે આવેલી જગદંબા હોટલ લાયસન્સ વગર જ હોટલ ચાલતી હોવાનું ખુલતા હોટલ માલીક સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી એસ.ઓ.જી ની ટીમે હાથ ધરી છે.

# મલાણા ગામમાં દબાણ દૂર કરાતા અફડા-તફડી

## બિલ્ડર લોબીએ વહીવટીતંત્ર સાથે મળી દબાણો દૂર કરાવ્યા હોવાનો રહિશોનો આક્ષેપ

પાલનપુર, તા. ૧૮



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર નજીક તમામ હાઈ-વે વિસ્તારમાં રહેણાંક સોસાયટી, ફલેટ, રોહાઉસ, શોપીંગ કોમ્પલેક્ષો ધડાધડ બની રહ્યા છે. જેની વચ્ચે કોઈ પણ પ્રકારની અડચણ આવે તેને દૂર કરવા શહેરની બિલ્ડર લોબીએ જાણે કમણ કસી છે. આબુ હાઈવે પર આવેલ મલાણા નજીક વૈભવી બંગલાઓની સોસાયટીઓ આકાર લઈ રહી છે. જ્યાં હાઈવેથી અંદર જવાનો સોસાયટીને જોડતો માર્ગ અત્યંત નાનો હોવાથી અહીં રહેતા રાવળ પરિવારના ઝુપડા દૂર કરવા પોલીસ કાફલા સાથે મામલતદાર સહિતના અધિકારીઓ દોડી આવ્યા હતા. જે.સી.બી. મશીનથી કામગીરી શરૂ કરતા ભારે અફડાતફડી થતા પોલીસે ઝુંપડાવાસીઓ પર બળ પ્રયોગ કરી લાકડીઓ ફટકારી હતી.

વિવાદિત માર્ગ પરનું દાણ દૂર કરવા મહિલા પોલીસ સાથે પાલનપુર તાલુકા પોલીસ, મામલતદાર ગીતા દેસાઈ, સર્કલ કચેરીના નાયબ મામલતદાર કેસરભાઈ સહિતની ટીમ દબાણ તોડવા આવી હતી. ગરીબો પર જુલ્મ માલેતુજારાના જોરે નાણાંની થેલીઓ છુટી મુકાતા આ એકાએક ઝુંપડાના દબાણો તોડી પડાયાના આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. આ સમગ્રઘટનાથી જિલ્લાભરમાંઆમ પ્રજામાંવહીવટીતંત્ર અને પોલીસ તંત્ર પ્રત્યે ભારે ફીટકારની લાગણી પ્રસરી જવા પામી છે. કહેવાતી ગરીબોની સરકાર ખરેખર અમીરોની સરકાર હોવાનો દબાણ બાબતે કાર્યવાહી કરાતા લોકો અનુભવી રહ્યા છે.

## વિધાનસભામાં ગાંધીનગર.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અરજીઓ પૈકી ૧૦ મંજૂર કરી છે. હજુ એક પણ અરજી નામંજૂર કરવામાં આવી નથી. તેમ પણ તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.


● **ગેરકાયદે વૃક્ષ છેદન**

કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ગેરકાયદે વૃક્ષછેદનને લઈ પુછેલા પ્રશ્નના ઉત્તરમાં વન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૫-૧૪ની સ્થિતિએ જિલ્લામાં વૃક્ષો કાપવા માટે બે વર્ષમાં ૧૨૭૧૧ મંજૂરી આપવામાં આવી છે. જેમાં ગાંધીનગરમાં ૬૬૯૮, માણસામાં ૧૨૮૧, દહેગામમાં ૮૦૮, કલોલમાં ૩૯૨૪ વૃક્ષો કાપવાની મંજૂરી અપાઈ છે.

જિલ્લામાં ગેરકાયદેસર-બિન પરવાનગીથી વૃક્ષછેદન કરતા તથા લાકડાની હેરાફેરી કરનારા કુલ ૭૭ ઈસમોને પકડવામાં આવ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું છે કે વન વિભાગ દ્વારા પકડાયેલ ઈસમો સામે ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ મહેસુલ વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન દ્વારા ૧૯૫૧ હેઠળ પણ પગલાં લેવામાં આવ્યા છે. આ ગેરકાયદે વૃક્ષછેદનની અટકાયત દરમ્યાન ૨.૪૫૨ ઘ.મી. ઈમારતી તેમજ ૧૮૮.૦૬ ક્વિન્ટલ જલાઉ લાકડુ પકડી પાડવામાં આવ્યું છે.વનમંત્રીશ્રીએ સભ્યશ્રીના પુરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે કુદરતી રીતે પડી ગયેલા વૃક્ષોની હરાજી કરતાં રૂ. ૧૧,૦૩,૫૫૧ ની આવક થઈ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૬૬,૧૫૦ રૂ. ની, માણસા તાલુકામાં ૩,૪૧,૯૦૧ રૂ.ની દહેગામમાં રૂ. ૬,૯૫,૫૦૦ની આવક થઈ છે.

## શબ્દાવલી - ૫૪૫૧



### આડી ચાવી

૧. મનોઇચ્છા, મનમાં નિર્ણય (૪)
૫. તકલીફ, મહેનત (૩)
૭. ચમકદાર, ચટકાટ-ટમકાટ વાળુ (૫)
૯. કલા, કૌશલ્ય, ચતુરાઇ(૪)
૧૧. સોનો સમુહ, સેંકડો (૩)
૧૩. ભય, ડર (૨)
૧૪. એક જંતુનાશક દવાનું નામ (૩)
૧૬. એક શાક (૩)
૧૮. વાવવા માટે જે નાના છોડ તૈયાર કરાય તે (૨)
૧૯. સફળષ સક્સેસ (૪)
૨૧. બાણ, તીર (૨)
૨૨. ઢોરને ખવરાવાતું ખાદ્ય(૨)
૨૪. પરમીટ, મંજુરી (૪)

### ઊભી ચાવી

૧. ઘેન કે નશામાં હોય તેવું(૪)
૨. નરમ, નમવું તે (૨)
૩. સાવ પાતળું, સોટા જેવું(૫)
૪. પોલા અવાજવાળો, બોદાઇ ગયેલ(૨)
૬. નાનું ઠીકરૂં (૨)
૮. નાની કાચની ડીસ, તાસક ચા જેમાં પીવાય તે ડીશ (૩)
૧૦. નિયમ મુદત અને ચોક્કસ હત્પાઓની બેંક અથવા પોષ્ટની બચત યોજના (૪)
૧૨. હદપાર, એક સજા (૪)
૧૫. ટીકા કરનાર (૪)
૧૭. ગયેલ, વીતી ગયેલ (૨)
૧૮. ઝળહળતુ, રોશનીથી ભરપુર (૩)
૨૦. કમાવા, પૈસા કમાવા (૩)
૨૩. માદાનું વિરોધી

### શબ્દાવલી ૫૪૫૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) લાઘવગુણ (૪) વાંક (૬) તીડ (૫) હોલો (૧૦) છીપકલી (૧૧) મનોહર (૧૩) કૌશલ્યા (૧૪) પનારો (૧૭) વસુ (૧૮) પવનસૂત (૨૦) નરભક્ષી (૨૧) તાન

**ઊભી ચાવી :-** (૧) લાજાહોમ (૨) વતી (૩) ગુડ (૫) કમ્પલીટ (૭) હોપલેશ (૯) લોનો (૧૨) હત્યારો (૧૩) કૌરવ (૧૪) પવન (૧૫) નાસુર (૧૬) પતન (૧૮) પક્ષી (૧૯) સૂતા

## વૃક્ષો કાપવાની મંજુરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તરીકે મોખરે રહેતું ગાંધીનગર હરિયાળા શહેરની યાદીમાં પાછળ ધકેલાયું છે. આ બાબત પ્રકૃતિ પ્રેમીઓ માટે પણ ઘેરી ચિંતાનો વિષય બની છે. વિધાનસભા સત્ર દરમિયાન કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે વનમંત્રીને પ્રશ્ન પૂછયો હતો કે ૩૧ મે વર્ષ ૨૦૧૪ની સ્થિતિએ જિલ્લામાં કેટલા વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી જેના જવાબમાં વનમંત્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર તાલુકામાં ૬૬૯૮, માણસા તાલુકામાં ૧૨૮૧, દહેગામ તાલુકામાં ૮૦૮ તેમજ કલોલમાં ૩૯૨૪ વૃક્ષો કાપવાની મંજુરી આપવામાં આવી છે. આમ છેલ્લા બે વર્ષ દરમિયાન જિલ્લામાં ૧૨૭૧૧ વૃક્ષો કાપવા માટે મંજુરી આપવામાં આવી હોવાનું પણ વનમંત્રીએ જણાવ્યું હતું. જયારે ચારેય તાલુકા પૈકી ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ વૃક્ષો કાપવા મંજુરી અપાઈ છે.

## દ્વિતીય ક્રમે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રજુ થયો છે જેનો ખુલાસો કરતાં આયોગે જણાવ્યું છે કે મંજૂર થયેલ મહેકમ કરતાં પણ ઓછો સ્ટાફ હોવાથી આ વિલંબ થયો છે. અહેવાલમાં જણાવ્યા મુજબ સને ૨૦૧૦-૧૧ ના વર્ષ દરમ્યાન રાજ્ય આયોગને ૩૦૭૭ ફરિયાદો મળી હતી, જે પૈકી રાજ્ય આયોગે સમીક્ષાના વર્ષમાં ૨૧૮૭ ફરિયાદોનો નિકાલ કરેલ છે. ૮૯૦ ફરિયાદો બાબતે રાજ્ય આયોગે સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી અહેવાલ મેળવવાની રાહના કારણે અથવા મળેલા અહેવાલો ઉપર આગળની વિચારણા માટેની વહીવટી પ્રક્રિયાને કારણે પડતર રહેલ છે. માનવ અધિકાર સામેના સૌથી પ્રભાવશાળી પડકારો, પ્રથમ તો વૈશ્વિક ગરીબી, નિરક્ષરતા અને તે પછી આંતરિક વિખવાદો ઉપરાંત પ્રતિસ્પર્ધી હિત ધરાવતા તત્વો તરફથી ઉભા થતા હોય છે. આ સંદર્ભમાં, ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, માનવ અધિકાર સંરક્ષણ સંબંધિત વિવિધ પાસાઓ અને સમસ્યાઓ ઉપરાંત ફરિયાદો અને વિશેષ કરીને સમાજના નબળા વર્ગો જેવા કે માનસિક અને શારીરિક સમસ્યાનો સામનો કરતા લોકો, મહિલાઓ, બાળકો, વરિષ્ઠ નાગરિકો ઉપરાંત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સમાજના પછાત વર્ગો અને પોલીસ હવાલાતી,ન્યાય બાબતની ફરિયાદો સંતોષકારક હાથ ધરે છે.

## સ્વચ્છતા અભિયાન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વન વિભાગ તેમજ ગુડાને સમયસર કામગીરી કરવા માટે તાકીદ કરી હતી તો માર્ગ-મકાન વિભાગને પણ દબાણો સહિતની કામગીરીમાં ચોકસાઈ રાખવા જણાવ્યું હતું. વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી જો વન વિભાગ કરવા આતુર ના હોય તો કોર્પોરેશન આ કામગીરી કરવા આતુર છે. તેમણે વધતા જતા દબાણોમાં માર્ગ-મકાન વિભાગને ચોકસાઈ રાખવા કડક તાકીદ કરી હતી. તેમણે ગુડાને પણ આડે હાથ લેતાં જણાવ્યું કે કન્સ્ટ્રક્શન બાદની ડેબ્રીજનો નિકાલ સમયસર થાય તે જોવાની જવાબદારી ગંભીરતાથી નિભાવવામાં આવે તે જરૂરી છે.

શ્રી ચૌધરીએ વિભાગો દ્વારા થતી કામગીરીમાં ઉદાસીન વલણને સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. સફાઈની બાબતમાં પણ કોર્પોરેશનના કર્મચારીઓ અને અધિકારીઓને આડે હાથ લેતાં એવી ટકોર કરી હતી કે કર્મચારીઓ ફરજના સ્થળે જોવા મળતા નથી. તેમણે આ બાબતને દુઃખદ ગણાવી હતી.

સેક્ટરોના આંતરિક માર્ગોની સફાઈ પણ ઝડપથી શરૂ થાય તે રીતે અસરકારક વ્યવસ્થા ગોઠવવા માટે પણ તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી.

**ખોવાયેલ છે**

માતાજીના કી-ચેઈનવાળી ૨ ચાવી.

યોગ્ય વળતર મળશે.

મો. ૯૯૦૯૦૦૬૯૩૧

## અભિવાદન સમારોહ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવલિકાઓ, સ્મૃતિલેખો, નિબંધોનું પણ મૌલિક સાહિત્ય સર્જન કર્યું છે. વધુમાં નગરની અનેકવિધ સંસ્થાઓમાં પણ તેઓ સેવા આપી રહ્યા છે. અમૃતપર્વની ઉજવણી અન્વયે યોજાનારા અભિવાદન સમારોહમાં પુસ્તકોનું લોકાર્પણ-વિમોચન કરવામાં આવશે. આ પ્રસંગે વરિષ્ઠ પત્રકાર પ્રકાશ શાહ, ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, કવિશ્રી દલપત પઢીયાર સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

**ધાનેરા નગરપાલિકા**
**ઓનલાઈન ટેન્ડર**
**જાહેર નિવિદા સને ૨૦૧૪-૧૫**

નગરપાલિકા ધાનેરા દ્વારા સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજનાનું એક કામ જેની અંદાજીત કિંમત રૂ. ૧૫-૯૯ તથા સ્વભંડોળનું એક કામ જેની અંદાજીત કિંમત ૨-. ૯.૫૩ લાખ છે. સરકારના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા માન્ય ઈજારદારશ્રીઓ પાસેથી કામના ભાવો ઓનલાઈન માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબસાઈટ http://nprocure.com ઉપર તા. ૧૯/૭/૨૦૧૪ અને ત્યારબાદ જોઈ શકાશે અને ડાઉનલોડ કરી શકાશે. ધાનેરા નગરપાલિકા તમામ ટેન્ડરો સ્વીકારવા કે મંજુર/નામંજુર કરવાની આખરી સત્તા મુખ્ય અધિકારીશ્રીની રહેશે. કોઈપણ કે તમામ ટેન્ડરો કોઈપણ દર્શાવ્યા વિના રદ કરવાનો અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ | તા. ૧૯/૭/૨૦૧૪થી તા. ૨૮/૭/૨૦૧૪ના રોજ ૧૮-૦૦ કલાક સુધી. |
| ૨. | ટેન્ડર ઓનલાઈન સબમીશન | તા. ૨૮/૭/૨૦૧૪ના રોજ ૧૮-૦૦ કલાક સુધી |
| ૩. | ટેન્ડર ફી, ઈ.એમ.ડી./ (બાના મુક્તિ પ્રમાણપત્ર માન્ય રહેશે નહીં) અને અન્ય દસ્તાવેજો હાર્ડ કોપીમાં ચીફ ઓફીસર નગરપાલિકા ધાનેરાના નામે સીલબંધ કવરમાં આરપીએડી/સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની તારીખ | તા. ૩૧/૭/૨૦૧૪, ૧૬-૦૦ કલાકે |

આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાની મળી શકશે. કવર ઉપર કામનું નામ તથા ટેન્ડર પહોંચાડવાની છેલ્લી તારીખ સ્પષ્ટ અક્ષરોમાં લખવાની રહેશે.

(કલ્પેશ ભટ્ટ) I/C ઓફીસર નગરપાલિકા ધાનેરા
(વિમળાબેન બી. પુરોહિત) ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા ધાનેરા
(પીનાબેન એમ. પટેલ) ઉપપ્રમુખ નગરપાલિકા ધાનેરા
(બળવંતજી સી. બારોટ) પ્રમુખ નગરપાલિકા ધાનેરા